

# કેટી પેરી અને જસ્ટિન ટ્રુડોની રોમેન્ટિક પિકનિક

**કેટી** અને ટ્રુડો એક સુંદર બગીચામાં એકબીજા પ્રત્યે પ્રેમ દર્શાવતા અને કિસ કરતા જોવા મળ્યા હતા

વોશિંગ્ટન, તા. 16: ગાયિકા કેટી પેરી અને કેનેડાના પૂર્વ વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો શનિવારે કેલિફોર્નિયાના સાન્ટા બાર્બરામાં એક રોમેન્ટિક મુલાકાત દરમિયાન સાથે જોવા મળ્યા હતા. 41 વર્ષની કેટી અને ટ્રુડોએ એક સુંદર બગીચામાં લાલ ચેક્સવાળી ચાદર બિછાવીને પિકનિકનો આનંદ માણ્યો હતો, જ્યાં બંને એકબીજા પ્રત્યે ઘણો પ્રેમ દર્શાવતા, કિસ કરતા અને ખુશમિજાજ અંદાજમાં લંચ લેતા નજરે પડ્યા હતા. આ જોડીએ ગયા અઠવાડિયે ન્યૂયોર્કમાં કેટીની કોન્સર્ટ ફિલ્મના પ્રીમિયર વખતે પ્રથમ વખત સાથે દેખાઈને પોતાના સંબંધો જાહેર કર્યા હતા.

આ પિકનિકમાં માત્ર તેઓ બંને જ નહીં, પરંતુ તેમનો પરિવાર પણ સાથે હતો. જેમાં કેટીની માતા મેરી, કેટીની 5 વર્ષની પુત્રી ડેઝી ડવ અને ટ્રુડોનો 12 વર્ષનો નાનો પુત્ર હેડ્રિયન પણ સામેલ હતા. આખો પરિવાર બગીચાના પ્લેગ્રાઉન્ડમાં સાથે સમય વિતાવતો જોવા મળ્યો હતો. કેટી પેરીએ ટ્રુડોને પોતાના જીવનનો સાચો પ્રેમ ગણાવ્યા છે અને ગર્વથી કહ્યું છે કે આ સંબંધે તેના જીવનમાં એક મજબૂત આધાર અને સ્થિરતા લાવી છે, જેનાથી તે હવે વધુ પરિપક્વ અને સંપૂર્ણ અનુભવી રહી છે.

# નાગપુરમાં એરફોર્સ ઓફિસરની પત્ની સાથે રેપ

**બ્લેકમેલિંગ** અને ધર્માંતરણનું કાવતરું: ૨ની ધરપકડ



નાગપુર, તા. 16: નાગપુરમાં ભારતીય વાયુસેનાના એક ઓફિસરની 24 વર્ષની પત્ની સાથે રેપ, બ્લેકમેલિંગ અને બળજબરીથી ધર્માંતરણના મામલામાં બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે, આ મામલાનો મુખ્ય આરોપી અયાઝ તાજ મદારે પીડિતા સાથે સ્કૂલમાં એક જ ક્લાસમાં ભણતો હતો.

એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં આરોપી અયાઝ મહિલાનો હાથ પકડીને કંઈક વાંચી રહ્યો છે. મહિલા કહે છે, ''તમને લડવાની બહુ આદત છે ને, હાથ છોડો ને... છોડો.'' આ પછી તે સતત ''મને છોડી દો, મને છોડી દો'' કહીને રડે છે અને વિરોધ કરે છે, પરંતુ આરોપી જોરથી તેનો હાથ પકડી રાખે છે.

પીડિતાના જણાવ્યા અનુસાર, ઘટના વર્ષ જૂની છે. આરોપી તેના પર આયતો વાંચીને ફૂંકતો હતો, ત્યાર બાદ તેની સાથે રેપ કરતો હતો. મહિલાની ફરિયાદ પર સોનેગાવ પોલીસે એફઆઈઆર નોંધીને બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે. જ્યારે, મધ્ય પ્રદેશના છિંદવાડા જિલ્લાનો રહેવાસી એક આરોપી મૌલાના ફરાર છે.

પોલીસના જણાવ્યા અનુસાર, પીડિતાના પતિ ભારતીય વાયુસેનામાં છે અને હાલમાં બીજા શહેરમાં પોસ્ટેડ છે. મહિલા પ્રોપર્ટી ડીલિંગનું કામ કરે છે. ફેબ્રુઆરી 2025માં આરોપી અયાઝે પ્લોટ ખરીદવાના બહાને તેનો સંપર્ક કર્યો હતો.

એફઆઈઆર મુજબ, આરોપીએ મહિલાને વર્ધા રોડ સ્થિત એક હોટલમાં બોલાવી હતી.

મહિલાનો આરોપ છે કે ત્યાં તેને નશીલો પદાર્થ ભળેલું જ્યુસ પીવડાવવામાં આવ્યું હતું. બેહોશીની હાલતમાં તેની સાથે રેપ કરવામાં આવ્યો અને તેના ફોટો-વીડિયો બનાવી લેવામાં આવ્યા.

બાદમાં આ જ આપત્તિજનક વીડિયો દ્વારા તેને બ્લેકમેલ કરવામાં આવી. આરોપીએ ઘણી વખત તેનું યૌન શોષણ કર્યું અને તેની પાસેથી આશરે 4 લાખ રૂપિયા પણ પડાવ્યા.

# રવિવારે UFC કાર્યક્રમ વખતે વ્હાઈટ હાઉસ પર હુમલાનું કાવતરું હતું: એફબીઆઈ

**કાર્યક્રમ** નજીકની ઇમારતો પર ડ્રોન વડે હુમલાનું આયોજન હતું, ભાગતા લોકો પર ગોળીબાર કરવાની પણ યોજના હતી

**આના** પછી વ્હાઇટ હાઉસ પર હુમલાની બીજી લહેરનું આયોજન હતું

**આ** યોજનાઓ નિષ્ફળ બનાવાઇ, પાંચની ધરપકડ, ૨૩ કાવતરાખોરોને ઓળખવામાં આવ્યા

વૉશિંગ્ટન, ૧૬: (PTI): એફબીઆઈએ મંગળવારે જણાવ્યું હતું કે તેઓએ ગત સપ્તાહના અંતે અહીં યોજાયેલા અલ્ટીમેટ ફાઈટીંગ ચેમ્પિયનશિપ (UFC) ઈવેન્ટ પરના એક સંભવિત હુમલાને નિષ્ફળ બનાવ્યો છે અને આ મામલે કેટલાક લોકોની ધરપકડ કરી છે.

રવિવારે વ્હાઈટ હાઉસના લોન પર આયોજિત આ UFC ઈવેન્ટનું એક મોટા પાર્કમાં લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવ્યું હતું, જેમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, તેમના કેબિનેટ સહયોગીઓ અને ખાસ આમંત્રિતો હાજર રહ્યા હતા. વ્હાઈટ હાઉસ નજીકના સાઉથ પાર્કમાં જાયન્ટ સ્ક્રીન પર આ ઈવેન્ટ જોવા માટે હજારો લોકો એકઠા થયા હતા.એફબીઆઈના ડાયરેક્ટર કાશ પટેલે એક્સ (X) પર એક પોસ્ટમાં જણાવ્યું કે, "10 જૂનના રોજ, એફબીઆઈ અને અમારા કાયદા અમલીકરણ ભાગીદારોને વોશિંગ્ટન ડી.સી.માં યોજાનારી 'UFC અમેરિકા 250' ઈવેન્ટ પર એક સંભવિત જોખમ અંગે જાણકારી મળી હતી, જેમાં નેશનલ કેપિટલ રીજન બહારના વ્યક્તિઓ સામેલ હતા. આ એફબીઆઈ, અમારા ભાગીદારો અને ન્યાય વિભાગ દ્વારા બહુવિધ રાજ્યોમાં ચલાવવામાં આવેલા ઓપરેશનની ઝડપી કાર્યવાહીને કારણે, કેટલાક લોકો હાલ કસ્ટડીમાં છે અને કથિત આયોજિત હુમલાઓને સમયસર રોકી દેવામાં આવ્યા છે. ફોક્સ ન્યૂઝના અહેવાલ મુજબ, સોમવાર સુધીમાં પાંચ લોકો કસ્ટડીમાં હતા અને તપાસકર્તાઓએ કાવતરું ઘડનારાઓના સંભવિત નેટવર્કના ભાગરૂપે 23 લોકોની ઓળખ કરી લીધી છે.

અનામી અધિકારીઓને ટાંકીને ફોક્સ ન્યૂઝે જણાવ્યું હતું કે, કથિત યોજનામાં ઈવેન્ટ નજીકની ઈમારતો પર હુમલો કરવા માટે વિસ્ફોટકોથી સજ્જ ડ્રોનનો ઉપયોગ કરવાનો સમાવેશ થતો હતો, જેથી લોકોને ત્યાંથી ઝડપથી બહાર નીકળવા માટે મજબૂર કરી શકાય અને તે ભીડને પહેલાથી જ ગોઠવાયેલી સ્નાઈપર ટીમ તરફ ધકેલી શકાય. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ત્યારબાદ વ્હાઈટ હાઉસના ગેટ પર હુમલો કરવા માટે "બીજી લહેર"નું આયોજન કરવામાં આવ્યું હતું.

# મોસ્કોની મુખ્ય ઓઈલ રિફાઈનરી પર યુક્રેનનો ડ્રોન હુમલો

**પુતિન** માટે આંચકાજનક વાત એ છે કે આ રિફાઈનરી ક્રેમલિનથી માત્ર 10 માઇલ દૂર



નવી દિલ્હી, તા. 16: યુક્રેને મોસ્કોની મુખ્ય ઓઈલ રિફાઈનરી પર ડ્રોન હુમલો કરીને વ્લાદિમીર પુતિનને વધુ એક મોટો આંચકો આપ્યો છે. ફ્રાન્સમાં યોજાનારી જી-7 સંગઠન (G-7) સમીટના સમયે જ રશિયન પાટનગરની નવી મજબૂત કરાયેલી વાયુસેના સુરક્ષા વ્યવસ્થાને ભેદીને આ હુમલો કરાયો હતો, જેના કારણે ક્રેમલિનથી માત્ર 10 માઈલ દૂર આવેલી કાપોત્ન્યા ઓઈલ રિફાઈનરીમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ હુમલા બાદ મોસ્કોના તમામ 4 મુખ્ય એરપોર્ટ પર ફ્લાઈટ્સ સ્થગિત કરી દેવામાં આવી હતી, જેનાથી મુસાફરીમાં ભારે અંધાધૂંધી સર્જાઈ હતી. આ હુમલો 4 વર્ષના યુદ્ધમાં મોસ્કો પરના સૌથી ભારે હુમલાઓમાંથી એક છે.


પેજ 3

## રણવીર સિંહે ખરીદી રૂ. 6.36 કરોડની નવી ફેરારી




મુંબઈ, તા. 16: બોલિવૂડના 'બાજીરાવ' એટલે કે રણવીર સિંહના લક્ઝરી ગેરાજમાં વધુ એક ધાંસુ એન્ટ્રી થઈ છે. રણવીરે રૂ. 6.36 કરોડની બ્રાન્ડ ન્યૂ ફેરારી ખરીદી છે. 16 જૂનની સવારે જેવી આ ખબર સામે આવી સોશિયલ મીડિયા પર જોતજોતાંમાં ટ્રેન્ડ થવા લાગી. સ્પીડ અને ઇટાલિયન એન્જિનિયરિંગ માટે રણવીરનો પ્રેમ જૂનો છે અને આ નવી સુપરકાર તેમના આ જ જુસ્સાને દર્શાવે છે. રણવીર પાસે પહેલાથી જ દુનિયાની શાનદાર કારોનું કલેક્શન છે, જેમાં હવે આ એક મોટું નામ જોડાઈ ગયું છે. જોકે, ડીલરશિપે હજી સુધી કારના સ્પેસિફિક વેરિઅન્ટનો ખુલાસો કર્યો નથી, પરંતુ જાણકારોનું માનવું છે કે, આ એક ખાસ કસ્ટમાઇઝ્ડ મોડલ છે. આની એક્સ-શોરૂમ કિંમત રૂ. 6.36 કરોડથી શરૂ થાય છે.

## અંબાણી પરિવારે રિહાનાને ગિફ્ટ કર્યું રૂ. 2.2 કરોડનું બ્રેસલેટ



મુંબઈ, તા. 16 : પોપ સ્ટાર રિહાનાને મુકેશ અંબાણી પરિવારે એક ડાયમંડ ટેનિસ બ્રેસલેટ ગિફ્ટ કર્યું છે. જેની કિંમત આશરે 2.2 કરોડ રૂપિયા બતાવવામાં આવી રહી છે. રિહાનાએ સોશિયલ મીડિયા પર સામે આવેલા એક વીડિયોમાં આ બ્રેસલેટને બતાવ્યું અને સ્પષ્ટ કર્યું કે, આ તેમને ભારતમાં અંબાણી પરિવાર તરફથી મળ્યું છે. રિહાના એપ્રિલમાં પોતાના બ્યુટી બ્રાન્ડના સિલસિલામાં મુંબઈ આવી હતી, જ્યાં તેણે એન્ટિલિયામાં અંબાણી પરિવાર સાથે મુલાકાત કરી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પર 'ધ પીપુલ ગેલેરી' નામના પેજે એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં રિહાના પોતાના રોજના પહેરવેશ અને ફેશન વિશે વાત કરી રહી છે. તેણે ડબલ ડેનિમ આઉટફિટ પહેરેલું છે અને હાથમાં સેલીન બ્રાન્ડની બેગ લીધી છે.

## ગોવિંદા હેર પેચ પહેરે છે, પત્ની સુનીતાએ ખુલાસો કર્યો




મુંબઈ, તા. ૧૬: સુનીતા આહુજાએ તેમના જીવનનો મોટા ભાગનો સમય તેમના પતિ અને અભિનેતા ગોવિંદાને પડદા પાછળ રહીને સપોર્ટ કરવામાં અને તેમનું ઘણું ખરું કામ સંભાળવામાં વિતાવ્યો છે, પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોમાં સુનીતાએ તેમના સોશિયલ મીડિયા હેન્ડલ્સ અને તેમની યૂટ્યૂબ ચેનલ દ્વારા પોતાનો એક બિઝનેસ ઊભો કરવાનું શરૂ કર્યું છે. એક નવા ઇન્ટરવ્યુમાં સુનીતાએ પોતાના હંમેશાં સ્પષ્ટવક્તા અંદાજમાં જણાવ્યું કે, ગોવિંદા, અન્ય ઘણા અભિનેતાઓની જેમ, હેર પેચ (નકલી વાળ) પહેરે છે. તેમણે એ વાતની પણ સ્પષ્ટતા કરી કે તેમણે શા માટે એવું કહ્યું હતું કે તેમના પતિ ગોટ (ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઇમ - સર્વકાલીન મહાન) નથી.

# એર ઈન્ડિયાની ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ

**એન્જિનમાં** ખામી સર્જાતા ૨ કલાક હવામાં ચક્કર માર્યા

**કન્નૂરથી** જેદ્દાહ જઈ રહેલા વિમાનના ફ્યુઅલ ફિલ્ટરમાં ખામી

કન્નૂર (કેરળ), તા. ૧૬ (PTI) કન્નૂરથી જેદ્દાહ જઈ રહેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની એક ફ્લાઈટ મંગળવારે વિમાનના એન્જિનમાં ખામી સર્જાવાને કારણે ઉડાન ભર્યાના બે કલાકમાં જ પરત ફરી હતી. એમ એરપોર્ટના સૂત્રોએ જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ૧૮૦થી વધુ મુસાફરો સાથેના આ વિમાને સવારે ૭.૪૦ વાગ્યે કન્નૂર એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી, પરંતુ ફ્લાઈટના લગભગ બે કલાક પછી પાઈલટ્સે એન્જિન વોર્નિંગ લાઈટ જોઈ અને પરત ફરવાનો નિર્ણય કર્યો હતો.

સૂત્રોએ જણાવ્યું કે, "ફ્લાઈટ કન્નૂરમાં સુરક્ષિત રીતે લેન્ડ થઈ ગઈ હતી અને તમામ મુસાફરો સુરક્ષિત છે."

સૂત્રોએ ઉમેર્યું કે, વિમાનની ત્યાર પછીની તપાસમાં જાણવા મળ્યું કે ફ્યુઅલ ફિલ્ટરમાં કંઈક ખામી હતી. લેન્ડિંગ પહેલાં ઈંધણ ઓછું કરવા માટે વિમાને થોડો સમય એરપોર્ટની આસપાસ ચક્કર લગાવ્યા હતા.

એરલાઈનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે તક્નિકી ખામીને કારણે સાવચેતીના ભાગરૂપે ફ્લાઈટના ક્રૂએ પરત ફરવાનો નિર્ણય લીધો હતો. પ્રવક્તાએ જણાવ્યું કે, "અમે આગળની મુસાફરી માટે વૈકલ્પિક વિમાનની વ્યવસ્થા કરી રહ્યા છીએ અને મહેમાનોને અલ્પાહાર તેમ જ હોટેલમાં રહેવાની સુવિધા પૂરી પાડવામાં આવી છે. યાત્રીઓને પડેલી અસુવિધા માટે અમને ખેદ છે અને અમે ફરીથી દોહરાવીએ છીએ કે, અમારી કામગીરીના દરેક પાસાઓમાં સુરક્ષા એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે."

# રાજૌરીમાં એલઓસી પર શંકાસ્પદ પાકિસ્તાની ડ્રોન દેખાયું

રાજૌરી/જમ્મુ, તા. ૧૬ (PTI): જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ પર આવેલા એક સરહદી ગામ પર શંકાસ્પદ પાકિસ્તાની ડ્રોન જોવા મળ્યું હતું. એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે, સોમવારે મોડી રાત્રે સુંદબની સેક્ટરમાં પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) તરફથી ભારતીય સરહદમાં ઝબૂકતી લાઇટ ધરાવતી એક ડ્રોન જેવી વસ્તુ આવતી જોવા મળી હતી.

અધિકારીએ જણાવ્યું કે, આ શંકાસ્પદ ડ્રોન મહાદેવ ગેપ અને કલાલ ગામ વચ્ચે થોડીવાર સુધી હવામાં રહ્યા બાદ પરત ફરી ગયું હતું.

માદક પદાર્થો (ડ્રગ્સ) અથવા હથિયારો જેવા કોઈ પણ સામાનનું એરડ્રોપિંગ ન થયું હોય તેની ખાતરી કરવા માટે સુરક્ષા દળોએ મંગળવારે સવારે આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

જોકે, સર્ચ ઓપરેશન દરમિયાન કોઈ વાંધાજનક વસ્તુ મળી આવી નથી.

# રશિયાનું પરમાણુ ક્ષમતા ધરાવતું સુપરસોનિક બોમ્બર વિમાન ક્રેશ

**આ** વિમાન સોવિયેત યુગનું હતું અને આ પ્રકારના કેટલાક વિમાનો આશરે 33થી 45 વર્ષ જૂના છે



નવી દિલ્હી, તા. 16: સાઈબેરિયાના ઈર્કુત્સ્ક વિસ્તારમાં એક ટ્રેનિંગ ઉડાન દરમિયાન રશિયાનું વ્યૂહાત્મક બોમ્બર વિમાન 'Tu-22M3' તૂટી પડતાં પુતિનના સૈન્યને મોટો ફટકો પડ્યો છે.


રશિયાના સંરક્ષણ મંત્રાલયે આ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું છે કે વિમાનમાં સવાર 4 સભ્યોની ક્રૂ ટીમ સુરક્ષિત રીતે બહાર નીકળવામાં સફળ રહી હતી. આ વિમાન હાઈપરસોનિક મિસાઈલો વહન કરવાની ક્ષમતા ધરાવે છે અને સોવિયેત યુગના આ સુપરસોનિક બોમ્બરનો ઉપયોગ રશિયા દ્વારા સીરિયા અને યુક્રેનમાં લશ્કરી મિશન માટે કરવામાં આવ્યો છે.

ગવર્નર ઈગોર કોબ્ઝેવે જણાવ્યું કે આ વિમાન કામેન્કા ગામ નજીક ક્રેશ થયું હતું અને ક્રૂ મેમ્બર્સને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. વિમાનમાં કોઈ લશ્કરી હથિયારો ન હોવાથી જમીન પર કોઈ નુકસાન થયું નથી. ઉલ્લેખનીય છે કે રશિયાનો આ બોમ્બર કાફલો ઝડપથી જૂનો થઈ રહ્યો છે, કારણ કે આ વિમાનોનું ઉત્પાદન 1993માં બંધ થઈ ગયું હતું અને હાલમાં સેવામાં રહેલા કેટલાક વિમાનો આશરે 33થી 45 વર્ષ જૂના છે. ગયા વર્ષે એપ્રિલમાં પણ આ જ વિસ્તારમાં આવું જ એક વિમાન તૂટી પડ્યું હતું, જેમાં 1 પાયલોટનું મોત થયું હતું.

# ભારત પરથી વરસાદી વાદળો ગાયબ

**કેરળમાં** ચોમાસાના આગમનના 2 અઠવાડિયા પછી પણ ભેજવાળા વાદળો આગળ વધી રહ્યા નથી

**આગામી** 2 અઠવાડિયામાં પવનો મજબૂત થવાના અને જૂનના અંત સુધીમાં ચોમાસું ફરી સક્રિય થવાના સંકેતો




નવી દિલ્હી, તા. 16: યુરોપિયન અને અમેરિકન હવામાન એજન્સીઓના ત્રણ એડવાન્સ ઉપગ્રહો દ્વારા લેવાયેલી નવીનતમ તસવીરોએ ભારતના નૈઋત્યના ચોમાસા અંગે ચિંતાજનક ચિત્ર રજૂ કર્યું છે. જૂન મહિનાના મધ્યમાં પણ દેશના મોટાભાગના વિસ્તારોમાં વાદળોની હાજરી નહિવત જોવા મળી રહી છે, જેના કારણે ચોમાસાની શરૂઆતના આ મહત્વના તબક્કામાં વરસાદની ભારે અછત સર્જાવાની આશંકા ઊભી થઈ છે. યુરોપિયન, અમેરિકન અને ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થાના ઉપગ્રહો દ્વારા મંગળવારે લેવાયેલી તસવીરો દર્શાવે છે કે મધ્ય, પશ્ચિમ અને દક્ષિણ ભારતના વિશાળ વિસ્તારો સક્રિય ચોમાસા માટે જવાબદાર ગીચ વાદળોથી વંચિત છે. કેરળમાં ચોમાસાના આગમનના 2 અઠવાડિયા પછી પણ સબકોન્ટિનેન્ટમાં ભેજવાળા વાદળો આગળ વધવાને બદલે દેશ સુકો દેખાઈ રહ્યો છે.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, આ સ્થિતિ ચોમાસાના પવનો નબળા પડવાના કારણે સર્જાઈ છે. ખાસ કરીને સોમાલી જેટ એટલે કે નીચલા સ્તરના શક્તિશાળી પવનો ગેરહાજર છે, જે હિંદ મહાસાગરમાંથી ભારત તરફ ભારે ભેજ લાવે છે. આ ઉપરાંત અરબી સમુદ્રની શાખા પણ ઘણી નબળી પડી છે, જે સામાન્ય રીતે મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્ય પ્રદેશના કૃષિ વિસ્તારોમાં ભારે વરસાદ લાવે છે.

ભારતીય હવામાન વિભાગે (IMD) અગાઉથી જ મધ્ય, પશ્ચિમ અને દક્ષિણ ભારતના મુખ્ય કૃષિ ક્ષેત્રોમાં વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાની ચેતવણી આપી છે. જોકે, એક સારા સમાચાર એ છે કે આગામી 2 અઠવાડિયામાં ચોમાસાના પવનો મજબૂત થવાના અને જૂનના અંત સુધીમાં ચોમાસું ફરી સક્રિય થવાના સંકેતો પણ હવામાન મોડેલ દર્શાવી રહ્યા છે.

# ઇન્ડોનેશિયાના સુલાવેસી ટાપુ પર ૬.૭નો ભૂકંપ: વ્યાપક નુકસાન

**૩૨ને** ઇજા, આઠ ગંભીર

**૬૪** મકાનોને તથા કેટલીક જાહેર ઇમારતોને અને બે પુલોને નુકસાન

પાલુ(ઈન્ડોનેશિયા), ૧૬ જૂન(એપી): મધ્ય ઈન્ડોનેશિયાના સુલાવેસી ટાપુના એક ભાગમાં મંગળવારે ૬.૭ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે છુટુંછવાયું પણ ભારે નુકસાન થયું હતું અને આઠ વર્ષ પહેલાં ભૂકંપ તથા સુનામીથી તબાહ થયેલા શહેરના રહેવાસીઓ ધ્રુજી ઉઠ્યા હતા.

ભૂકંપના જોરદાર આંચકાઓને કારણે આશરે ૪ લાખની વસ્તી ધરાવતા અને સેન્ટ્રલ સુલાવેસી પ્રાંતની રાજધાની એવા પાલુ શહેર અને તેની આસપાસના લોકો ખુલ્લા વિસ્તારોમાં ભાગી ગયા હતા. સલામતીના પગલારૂપે કેટલીક હોસ્પિટલોએ દર્દીઓને, જેમાંથી કેટલાકને આઈવી ડ્રિપ ચઢાવેલા હતા, તેમને બહાર સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા. વિસ્તારમાંથી સામે આવેલી તસવીરોમાં આંશિક રીતે ધરાશાયી થયેલી છતો, તૂટેલી દીવાલો અને રસ્તાઓ પર કાટમાળ વેરવિખેર જોવા મળ્યો હતો, જેનાથી ઈમારતોને ભારે નુકસાન થયું હોવાનું સ્પષ્ટ દેખાતું હતું. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન એજન્સીએ જણાવ્યું હતું કે ૩૨ને ઇજા થઇ છે તેમાંથી આઠની ઇજા ગંભીર છે. ઇમારતો અને માળખાઓને વ્યાપક નુકસાન થયું છે. ૬૪ મકાનો, ચાર પૂજાસ્થળો, ચાર જાહેર સવલતો, બે પુલો, બે સરકારી ઇમારતો, એક કાફે અને એક હોટલને નુકસાન થયું છે. જો કે આજુબાજુના પ્રદેશોમાંથી હજી માહિતી મેળવવામાં આવી રહી છે.

આ ભૂકંપનું કેન્દ્રબિંદુ પાલુથી ૪૩ કિલોમીટર પૂર્વ-દક્ષિણપૂર્વમાં હતું અને તેની ઊંડાઇ યુએસ જીઓલોજિકલ સર્વે અનુસાર જમીનથી આશરે ૧૦ કિલોમીટર ઊંડે હતી. મુખ્ય ભૂકંપ બાદ કેટલાક આફ્ટરશોક્સ આવ્યા હતા, જેમાં સૌથી તીવ્ર આંચકો ૫.૨ ની તીવ્રતાનો હતો. જો ભૂકંપને કારણે સુનામી આવે તો તે નુકસાન ન પહોંચાડે તે માટે સાવચેતીના પગલારૂપે લોકો દરિયાકાંઠાના વિસ્તારોથી પણ દૂર જતા રહ્યા હતા.

ઈન્ડોનેશિયાની હવામાનશાસ્ત્ર, આબોહવાશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર એજન્સીએ જણાવ્યું હતું કે સુનામીનો કોઇ ભય નથી, પરંતુ આફ્ટરશોક્સ ચાલુ રહી શકે છે તેવી ચેતવણી આપી હતી. ૨૦૧૮માં પાલુમાં આવેલા ભૂકંપ અને સુનામીને કારણે ૪૦૦૦ જેટલા લોકોના મૃત્યુ નિપજ્યા હતા.

## ટોક્યોમાં ૫.૫ની તીવ્રતાનો ભૂકંપ

ટોક્યો, તા. ૧૬ (એપી): પૂર્વ જાપાનમાં મંગળવારે ટોક્યો સહિતના વિસ્તારોમાં ૫.૫ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો, પરંતુ સુનામીનો કોઇ ખતરો નથી. એમ હવામાન વિભાગે જણાવ્યું હતું.

જાપાન હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ભૂકંપ સાંજે ૭:૪૬ વાગ્યે (૧૦૪૬ જીએમટી) ટોક્યોની ઉત્તર-પૂર્વમાં આવેલા દક્ષિણ ઈબારાકી વિસ્તારમાં આશરે ૫૦ કિલોમીટર (૩૦ માઇલ)ની ઊંડાઇએ આવ્યો હતો.

ફાયર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીએ જણાવ્યું છે કે, ભૂકંપના કારણે અત્યાર સુધીમાં કોઇ નુકસાન કે ઈજાના અહેવાલો મળ્યા નથી.

ઈસ્ટ જાપાન રેલવે કંપનીના જણાવ્યા અનુસાર, સુરક્ષા તપાસ માટે ઉત્તર-પૂર્વીય વિસ્તારોમાં સેવા આપતી શિંકાનસેન બુલેટ ટ્રેનોને અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી હતી. જાપાની મીડિયા અહેવાલો અનુસાર, ભૂકંપના કારણે જોએત્સુ અને હોકુરીકુ શિંકાનસેન લાઇનના કેટલાક ભાગોમાં વીજ પુરવઠો ખોરવાઇ ગયો છે.

જાપાન પેસિફિક 'રિંગ ઓફ ફાયર' પર આવેલું છે, જે વિશ્વના સૌથી વધુ ભૂકંપ સંભવિત વિસ્તારોમાંનું એક છે.

## ઉત્તર પશ્ચિમ ચીનમાં ૬.૩ની તીવ્રતાનો ભૂકંપ

**ભૂકંપમાં** એક વ્યક્તિનું મોત થયું અને અન્ય ચાર લોકો ઘાયલ થયા

બેઇજિંગ, તા. ૧૬ (પીટીઆઈ) ઉત્તર-પશ્ચિમ ચીનના હૈક્સી મોંગોલિયન અને તિબેટીયન સ્વાયત્ત પ્રદેશમાં મંગળવારે ૬.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યા બાદ એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ચાઇના અર્થક્વેક નેટવર્ક્સ સેન્ટર દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ, આ ભૂકંપ સ્થાનિક સમય અનુસાર સાંજે ૫:૦૬ વાગ્યે ૧૦ કિલોમીટરની ઊંડાઇએ આવ્યો હતો, જેનું કેન્દ્રબિંદુ ૩૭.૮૦ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૯૫.૫૬ ડિગ્રી પૂર્વ રેખાંશ પર હતું. ચિંગહાઇ પ્રાંતીય ભૂકંપ વિજ્ઞાન બ્યુરોએ કટોકટીની કામગીરીમાં સ્થાનિક સત્તાવાળાઓને મદદ કરવા માટે ઘટનાસ્થળે એક કાર્યકારી ટીમ મોકલી છે. સરકારી સમાચાર એજન્સી સિન્હુઆના અહેવાલ મુજબ, પ્રાંતીય કટોકટી વ્યવસ્થાપન બ્યુરો અનુસાર સાંજે ૬:૧૦ વાગ્યે ભૂકંપ આપત્તિઓ માટે લેવલ II પ્રાંતીય કટોકટી પ્રતિભાવ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. ભૂકંપના કેન્દ્રબિંદુ નજીક કોલસાની ખાણના તમામ કાર્યકારી કર્મચારીઓને સંપૂર્ણપણે સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા છે. વધુ જાનમાલના નુકસાનની ગણતરી કરવા માટે તપાસ ચાલુ છે.